# સુરત મહાનગરપાલિકા
## (Visit us at https://www.suratmunicipal.gov.in)
## જા હે રા ત

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ખાતે કોવિડ–૧૯ ની કામગીરી કરાવવા સારૂ નીચે જણાવેલ જગ્યાઓની ૦૩ માસ માટે અથવા કોવિડ–૧૯ અંગેની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી, બે માંથી જે વહેલું હોય તેટલા સમયગાળા માટે કરારીય ધોરણે માસિક ફીકસ વેતનથી ભરતી કરવા તથા પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૨૦/૦૪/૨૦૨૧ સુધીમાં સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ સમય દરમ્યાન પર્ફોમિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી મેઈન રોડ, હરી ઓમ સર્કલ પાસે, અડાજણ, સુરત ખાતે અસલ પ્રમાણપત્રો, તેમજ તેની પ્રમાણિત નકલો (જેવા કે, સ્કુલ લીવીંગ સર્ટી., તમામ વર્ષની માર્કશીટ, ડીગ્રી સર્ટી., રજીસ્ટ્રેશન સર્ટી., અનુભવનું પ્રમાણપત્ર, આઈ.ડી.પ્રુફ વિગેરે...) તથા ફોટોગ્રાફ ફરજીયાતપણે લાવી રજુ કરવાના રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | લાયકાત | પગારધોરણ |
|---|---|---|---|---|
| ૧. | સીનીયર રેસીડન્ટ (કલીનીકલ)<br>જનરલ મેડીસીન–૭<br>એનેસ્થેસીયા–૬ | ૧૩ | મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના નિયમો તથા ધારાધોરણો મુજબ | ફીકસ વેતન રૂા.૬૬,૦૦૦/– પ્રતિ માસ |
| ૨. | મેડીકલ ઓફીસર | ૨૨૧ | એમ.બી.બી.એસ. | ફીકસ વેતન રૂા.૬૦,૦૦૦/– પ્રતિ માસ |
| ૩. | રેડીયોગ્રાફીક ટેકનીશ્યન | ૪ | (૧) બી.એસસી. (ફીઝીકસ વિષય સાથે) ગુજરાત રાજયમાં મેડીકલ કોલેજ અથવા માન્ય સંસ્થાનો એકસ–રે ટેકનીશ્યન ટ્રેનીંગ કોર્ષ પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ. એકસ–રે કામના અનુભવીને અગ્રતા.<br>(૨) ઉમેદવાર કોમ્પ્યુટરની કામગીરીના (DOEACC) Department of Electronic Accreditation of Computer Courses) ના સમકક્ષ કોર્ષની જાણકારી ધરાવતા હોવા જોઈએ તેમજ આ બાબતે સરકારશ્રી વખતો વખત જે સુચવે તેવા કોમ્પ્યુટર કોર્ષ / કામગીરીની જાણકારી ધરાવતાં હોવા જોઈએ. | ફીકસ વેતન રૂા.૩૫,૦૦૦/– પ્રતિ માસ |
| ૪. | આસી. એન્જીનીયર (બાયોમેડીકલ) | ૧૮ | બી.ઈ.(બાયો મેડીકલ એન્જીનીયરીંગ) અથવા બી.ઈ. (બાયો ટેકનોલોજી એન્જીનીયરીંગ) અથવા બી.ઈ. (બાયો મેડીકલ એન્ડ ઈન્સ્ટુમેન્ટેશન એન્જીનીયરીંગ) અને તે પાસ કર્યા બાદ હોસ્પીટલ ઈકવીપમેન્ટસની કામગીરી અંગેનો ૦૨ (બે) વર્ષનો અનુભવ.<br>**નોંધ** :– ઉચ્ચ લાયકાત તેમજ અનુભવ ધરાવતા ઉમેદવારને અગ્રિમતા આપવામાં આવશે. | ફીકસ વેતન રૂા.૩૦,૦૦૦/– પ્રતિ માસ |

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | લાયકાત | પગારધોરણ |
|---|---|---|---|---|
| ૫. | ઈલેકટ્રો કાર્ડીયોગ્રાફ ટેકનીશ્યન | ૭ | કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક તેમજ તે પાસ કર્યા બાદ માન્ય સંસ્થામાંથી ઈ.સી.જી. મશીન હેન્ડલીંગનો એક વર્ષનો અનુભવ. (બી.એસસી. ની પદવી ધરાવનાર ઉમેદવારને અગ્રીમતા આપવામાં આવશે.)<br>અથવા<br>માન્ય એજયુકેશન બોર્ડના ધોરણ–૧૨ પાસ. તેમજ તે પાસ કર્યા બાદ માન્ય સંસ્થામાંથી ઈ.સી.જી. મશીન હેન્ડલીંગનો ત્રણ વર્ષનો અનુભવ. | ફીકસ વેતન રૂા.૨૫,૦૦૦/– પ્રતિ માસ |
| ૬. | સ્ટાફ નર્સ | ૪૩૦ | જી.એન.એમ./ બી.એસ.સી. નર્સિંગ (ગુજરાત નર્સિંગ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઈએ.) | ફીકસ વેતન રૂા.૧૭,૦૦૦/– પ્રતિ માસ |
| ૭. | વોર્ડબોય | ૩૧૫ | ધોરણ ૧૦ પાસ, હોસ્પીટલ કે લેબોરેટરી કામનો અનુભવ ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે. | ફીકસ વેતન રૂા.૧૦,૦૦૦/– પ્રતિ માસ |
| ૮. | આયા | ૩૬૮ | ધોરણ ૧૦ પાસ, હોસ્પીટલ કે લેબોરેટરી કામનો અનુભવ ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે. | ફીકસ વેતન રૂા.૧૦,૦૦૦/– પ્રતિ માસ |

નોંધ : હાલની કોવિડ–૧૯ ની પરિસ્થિતિને ધ્યાને લઈ, ઉપરોકત જણાવેલ કેડરોની રોજેરોજ મળેલ માન્ય અરજીના ઉમેદવારોને વહેલા તે પહેલાના ધોરણે નિમણુંક આપવામાં આવશે.

ઉકત જગ્યાઓ પૈકી જે જગ્યાઓમાં રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની જરૂરીયાત હોય, તો તેની નકલ ફરજિયાતપણે લાવવાની રહેશે તેમજ સદર જગ્યાઓ નિયમ મુજબ ફીકસ વેતનથી કરાર આધારીત ભરતીના નિયમો અને શરતોને આધિન ભરવામાં આવશે તેમજ અન્ય કોઈ પણ જાતના ભથ્થા અને નાણાંકીય લાભ ચુકવવામાં આવશે નહી.

સહી/–

**નં.પી.આર.ઓ./૧૯૩/૨૦૨૧–૨૨** **કમિશનર,**

**તા.૧૨/૦૪/૨૦૨૧** **સુરત મહાનગરપાલિકા.**